# ખાડાઓથી ખખડધજ બનતા શહેરના માર્ગો

## શહેરના સે. ૨ માં અર્બન સેન્ટર પાસે ઠેર-ઠેર ખાડાઓ પડ્યા : અર્બન સેન્ટરમાં શહેરીજનોનો ધસારો હોવાથી અનિચ્છનીય ઘટના ન બને તે પહેલા ખાડાઓનું પૂરાણ કરવાની લોકમાંગણી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ચોમાસાની મોસમમાં માર્ગો પર ઠેર ઠેર ખાડાઓનું રાજ જોવા મળી રહ્યું છે. માર્ગો ખખડધજ બની ચૂક્યા છે. મોટા મોટા ખાડાઓ અને ભૂવાઓ પડી ગયા છે. જેમાં શહેરીજનોના વાહનો ફસાઈ જવાની નોબત આવી ગઈ છે. શહેરના સેક્ટર-૨ ખાતે આવેલા અર્બન હેલ્થ સેન્ટર પાસેના સાઈડ અને પાછળના મેઈન રોડ પર ગટર જોડાણના કામ બાદ જરૂરી પુરાણ ન કરાતાં અત્યારે ભૂવા પડી ગયા છે અને આ ભૂવાઓ મોટા થતા જાય છે. અર્બન હેલ્થ સેન્ટર ખાતે પાછળની બાજુ તાજેતરમાં ફીઝીયોથેરાપી સેન્ટર અને દર્દી વોર્ડનું બાંધકામ કરવામાં આવ્યું છે. અને તેમાં ગટર, વીજ જોડાણ માટે બહારના માર્ગ પર ખોદકામ કરવામાં આવ્યું હતું. આ માર્ગ પરથી ખોદકામ બાદ પુરાણ કરવામાં કાળજી ન લેવાતા હાલમાં ભારે વરસાદમાં ભૂવા જોવા મળી રહ્યા છે. આ માર્ગ પરથી સેક્ટરના વસાહતીઓ, વાહનો, બહેનો, બાળકો, સેન્ટરમાં આવતા દર્દીઓ અને કોવિડ વેક્સિન અને હાલમાં સરકાર દ્વારા સરાહનીય રીતે ચાલુ કરાયેલા પ્રીકોસન ડોઝ લેનારાઓનો ભારે ધસારો રહે છે. તે સંજોગોમાં આ ભૂવાઓથી કોઈ અનિચ્છનિય ઘટના બને તે પહેલા ગાંધીનગર મનપા તંત્ર દ્વારા તાકીદે ખફા પૂર્વની કાર્યવાહી હાથ ધરાય એવી વસાહતીઓની માંગણી હતી. શહેરમાં ખાડારાજના કારણે રાત્રી દરમિયાન સ્થાનિક નાગરિકોને અવરજવર કરવામાં ભય ઉભો થયો છે.



તંત્રની બેદરકારીથી આ માર્ગો પર ખાડાઓનું રાજ જોવા મળી રહ્યું છે. જે તંત્ર જ યોગ્ય રીતે તેનું પૂરાણ કરાવે તેવી માંગ ઉઠી રહી છે. નાના બાળકો અને વાહનચાલકો માટે આ ખાડાઓ ભયજનક સાબિત થાય તે પહેલા જ ઝડપથી આ ખાડાઓનું યોગ્ય પૂરાણ કરવામાં આવે તેવું નાગરિકો ઈચ્છી રહ્યા છે. આગામી દિવસોમાં ભારે વરસાદ આવે તે પહેલા આ ખાડાઓનું પૂરાણ અનિવાર્ય છે કારણ કે નાના નાના ભૂવાઓ અને ખાડાઓ ધીમે ધીમે મોટા બનતા જાય છે. તેથી મનપા તંત્રએ શહેરીજનોની માંગણીને ધ્યાને લઈ આ ખાડાઓ અને ભૂવાઓનું નિરાકરણ લાવવું જોઈએ તેવી લોકમાંગણી ઉઠી રહી છે.

## અશ્વિનભાઈ એ. પટેલ કોલેજના વિદ્યાર્થીઓ અરવિંદ કેન્દ્રની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૬

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના ૬૦ વિદ્યાર્થીઓએ તા. ૨૨-૭-૨૨ના રોજ અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩ની મુલાકાત લીધી હતી. મહર્ષિ અરવિંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે કુલ ૧૮ વિદ્યાર્થીઓએ મહર્ષિ અરવિંદના વિવિધ પુસ્તકો ઉપર પોતાના વિચારો રજુ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોલેજના લાઈબ્રેરિયન શ્રદ્ધા પંડ્યા દ્વારા આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






નવા કોબા કલસ્ટર ની નભોઈ સરકારી પ્રાથમિક શાળામાં બાળમેળો અને લાઈફ સ્કીલમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો

## જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા કલોલ અને રખિયાલ ખાતે ઔષધિય વનનું નિર્માણ કરાશે

### ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે તા. ૨૭મી જુલાઇ અને તા. ૨૯મી જુલાઇના રોજ રખિયાલ ખાતે નિઃ શુલ્ક મેગા આરોગ્ય નિદાન સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર

આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા તા. ૨૭મી જુલાઈના રોજ કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને તા. ૨૯મી જુલાઈના રોજ દહેગામ તાલુકાના રખિયાલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઔષધિય વન અને નિઃ શુલ્ક મેગા આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, કોરોના કાળમાં લોકોએ ભારતીય ચિકિત્સા પધ્ધતિ આયુર્વેદને વ્યાપક પ્રમાણમાં અપનાવી છે. જેમાં અરડુસી, તુલસી વગેરેનો બહોળો ઉપયોગ કરાયો છે. જિલ્લા પંચાયતની શાખાધિકારીને ફાળવેલ ગ્રાન્ટમાંથી કલોલ અને રખિયાલના સ્થાનિક રહેવાસીઓને તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવતાં આયુર્વેદના લાભાર્થીઓને જરૂરિયાતના તાજા ઔષ મળી તે માટે ઔષધિય વનનું નિર્માણ કરવામાં આવશે. આ વનમાં તુલસી, અરડુસી, કુંવારપાઠુ, પારિજાત, નગોડ, ગળો(અમૃતા) દમવેલ, બિલ્વ, આરગ્વધ( ગરમાળો), બહેડા, બ્રાહ્મી, મધુનાશિની, ગુંજા, બોરસલ્લી ઉછેરવામાં આવશે.

## ફોરેન્સિક સાયન્સ અને કાયદાનું જ્ઞાન જસ્ટિસ ડિલિવરી સિસ્ટમને વધુ અસરકારક બનાવે છેઃ ડૉ. જે. એમ. વ્યાસ

### દ્રહ્જોં ખાતે પાંચ દિવસીય 'ફોરેન્સિક જસ્ટિસ' અંગે કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામનો પ્રારંભ




નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે 'ફોરેન્સિક જસ્ટિસ' વિષય ઉપર પાંચ દિવસીય કેપેસિટી બિલ્ડીંગ પ્રોગ્રામનો પ્રારંભ ૨૬મી જુલાઈના રોજ થયો છે. સ્કૂલ ઓફ લો, ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ, NFSU દ્વારા આયોજિત આ પાંચ દિવસીય કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને ફોરેન્સિક વિજ્ઞાન અને કાયદાની સર્વગ્રાહી સમજણ પ્રદાન કરવાનો છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસે ઉદ્‌ઘાટન સત્રમાં અધ્યક્ષીય પ્રવચન કર્યું હતું. પોતાના વિચારો વ્યક્ત કરતાં ડૉ. વ્યાસે સીમાચિહ્નરૂપ ચુકાદાઓની રસપ્રદ વિગતો આપીને જણાવ્યું હતું કે - ફોરેન્સિક વિજ્ઞાન અને કાયદાની પર્યાપ્ત સમજણ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમને વધુ અસરકારક, ગતિશીલ બનાવી શકે છે. ડૉ. વ્યાસે ઉમેર્યું હતું કે ફોરેન્સિક વિજ્ઞાન અને કાયદાનું જ્ઞાન વિદ્યાર્થીઓને વિશિષ્ટ સમજની સાથે કાર્યક્ષેત્રે એક અલાયદું સ્થાન અપાવે છે.

ડૉ. શેખર શેષાદ્રી, વરિષ્ઠ પ્રોફેસર (નિવૃત્ત), બાળ અને કિશોર મનોચિકિત્સા વિભાગ અને સલાહકાર-સંવાદ, NIMHANSએ જણાવ્યું હતું કે, બાળમાનસ અને ફોરેન્સિકનું જ્ઞાન બાળસાક્ષીઓને સારી સમજવામાં ઉપયોગી થાય છે. આ માટે બાળકો સાથેના વ્યવહારમાં સંવેદનશીલતા અત્યંત મહત્ત્વની છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ઉદ્‌ઘાટન સત્ર બાદ ડૉ.જી.કે. ગોસ્વામી, ADGP, ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા 'રોંગફુલ કન્વિક્શન્સ એન્ડ ઈનોસન્સ ક્લેઈમ-એન ઈન્ડિયન પરસ્પેક્ટિવ' અને 'ડીએનએ ફોરેન્સિક્સઃ ઈસ્યૂઝ એન્ડ ચેલેન્જિસ ઈન્ડ ઈન્ડિયા' અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જ્યારે ડૉ. અબ્રાહમ જોન્સન, આસિસ્ટંટ પ્રોફેસર-NFSUએ 'ફોરેન્સિક એન્ડ લીગલ ડેન્ટિસ્ટ્રી' વિષય ઉપર પોતાનાં વિચારો વ્યક્ત કર્યા હતા.

પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર અને ડીન-સ્કૂલ ઑફ લૉ, ફોરેન્સિક જસ્ટિસ ઍન્ડ પૉલિસી સ્ટડીઝ દ્વારા સ્વાગત પ્રવચન થયું હતું. તેઓએ ફોરેન્સિક સાયન્સ અને કાયદા - એમ બંને વિદ્યાશાખાઓ વચ્ચે સુસંગત સમજ કેળવવા પર ભાર મૂક્યો હતો.


આ કાર્યક્રમનું સંચાલન એનએફએસયુના અધ્યાપકો ડૉ.નવતિકાસિંઘ નૌટિયાલ અને સુશ્રી મૃદુલ સિંઘ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વર્ષનું બીજુ ગુરૂ પુષ્ય નક્ષત્ર ૨૮ જુલાઈએ

### ગુરૂ પુષ્ય યોગની સાથે સાથે આ દિવસે હરિયાળી અમાસનો પણ સંયોગ છે

ગાંધીનગર, તા. ૨૬

આ વર્ષે ૨૮મી જુલાઈના રોજ એક ખૂબ જ શુભ સંયોગ બની રહ્યો છે. આ દિવસે ગુરૂ પુષ્ય યોગ બની રહ્યો છે. એટલુ જ નહીં આ દિવસે હરિયાળી અમાવસ્યા પણ છે. આ એક ખૂબ જ દુર્લભ સંયોજન છે જે ધર્મ અને પૈસાની દષ્ટિએ ખૂબ જ ફાયદાકારક છે. જ્યોતિષ શાસ્ત્રમાં ૨૭ નક્ષત્રો છે જેમાં અભિજિત નક્ષત્રની અલગથી ગણતરી કરવામાં આવે છે. આ નક્ષત્રોમાંથી એક પુષ્ય નક્ષત્ર છે. જે શનિ અને ગુરૂ બંનેથી પ્રભાવિત છે. આ નક્ષત્ર ખૂબજ શુભ માનવામાં આવે છે. રવિવાર અને ગુરૂવાર સાથે પુષ્ય નક્ષત્ર બને ત્યારે એક વર્ષમાં ખૂબ જ દુર્લુભ સંયોગ બને છે. આ વખતે પુષ્ય નક્ષત્ર ૨૮મી ગુરૂવારે રચાઈ રહ્યું છે. જે ૨૯મીએ પણ થોડો સમય રહેશે. ઉપરાંત આ દિવસે ગુરૂ તેની ગતિમાં ફેરફાર કરવાનું શરૂ કરશે અને તે મીન રાશિમાં પાછળ આવવાનું શરૂ કરશે. આ દિવસે હરિયાળી અમાવસ્યા પણ રહેશે. આ સાથે ૨૮મીએ એક અનોખો સંયોગ બન્યો છે. આ દુર્લભ સંયોગની વચ્ચે તમે ઘણા શુભ કાર્યો કરી શકો છો. ગુરૂ પુષ્યને ધન અને સમૃદ્ધિનો શુભ યોગ માનવામાં આવે છે. આ દિવસે જો તમારે સોનુ-વાહન, નવી વસ્તુઓ ખરીદવી હોય તો તે શુભ રહેશે.



### ૨૮મીએ ગુરૂ પુષ્ય નક્ષત્ર

જ્યોતિષશાસ્ત્ર મુજબ આ યોગમાં શહેરીજનોને ખૂબ જ શુભ ફળ મળશે. હિન્દી કેલેન્ડર મુજબ પુષ્ય નક્ષત્ર ૨૮ જુલાઈ ગુરૂવારે સવારે ૭.૦૬ વાગ્યાથી શરૂ થશે અને બીજા દિવસે ૨૯ જુલાઈ શુક્રવારે સવારે ૯.૪૭ સુધી રહેશે. પુષ્ય નક્ષત્રનું અસિત્તવ આ સમયગાળા દરમિયાન 'ગુરૂ પુષ્ય યોગ' બનાવશે જ્યારે ગુરૂ પૂર્વવર્તી ગતિમાં આગળ વધવાનું શરૂ કરશે. જે એક ખૂબ જ શ્રેષ્ઠ અને દુર્લભ યોગ છે. આ ગુરૂ પુષ્ય યોગ શ્રાવણ અમાવસ્યા પર બની રહ્યો છે જેનાથી લોકોને ધાર્મિક અને આર્થિક લાભ થશે.

વૈદિક જ્યોતિષ અનુસાર પુષ્ય નક્ષત્રને તમામ નક્ષત્રોનો રાજા પણ કહેવામાં આવે છે. આ દિવસે ભગવાનની પૂજા-અર્ચના કરવાથી વ્યક્તિને જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા મળે છે. આ દિવસે સવારે અને સાંજે દેવી લક્ષ્મીની સામે શુદ્ધ ઘીનો દીવો પ્રગટાવવો. આમ કરવાથી ફાયદો થશે. આ શિવાય દાન કરવુ શુભ માનવામાં આવે છે.

## આજે મૃત ગાયોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સભા

### ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ અને સેકટર ૩૦ વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ અને સેકટર ૩૦ વસાહત મંડળના સંયુક્ત ઉપકમે આજે તા ૨૭ને બુધવારે સવારે ૯-૩૦ કલાકે સેકટર ૩૦ શોપિંગ સેન્ટર ખાતે છેલ્લા દશ દિવસથી સેકટરમાં સરકારી તંત્ર દ્વારા આડેધડ ખોદાણ અને વ્યવસિત માટી પુરાણના અભાવે જમીનમાં વરસાદી પાણી ઉતરવા થી વીજળીના વાયરો કપાઈ છુટા રહેવાથી ગંભીર બેદરકારીને કારણે અગાઉ ત્રણ અને આજે એક ગાયનો શોર્ટસરકીટને કારણે મૃત્યુ પામેલ છે આથી છેલ્લા દશ દિવસમા ચાર ગાયો અકસ્માતનો ભોગ બનેલ છે આથી વારંવાર બનતી ધટનાઓ ટળે અને આવા અકસ્માત પુનઃ બને નહીં તેની તકેદારીના ભાગ રૂપે ત્રેવીસ કરોડ જેનામાં ભગવાન વાસ કરે છે ત્યારે સરકારી તંત્રને આવા બનાવો અટકાવવા ભગવાન સુબુદ્ધિ આપે અને મરણ પામેલ ગાયોનાં આત્માને શાંતિ માટે પાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે આથી દરેક શહેરના નાગરિકો આગેવાનો વિવિધ સંસ્થાઓ ના પતિનિધીઓ જીવદયા પ્રેમીઓએ પ્રાર્થના સભામાં હાજર રહેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું હતું.



ગાંધીનગર મહાનગરના વોર્ડ નં ૮માં પ્રમુખ એબોડ, સૂર્યા સર્કલ, વાસણા હડમતીયા ખાતે વોર્ડ નં. ૮ ના અગ્રણી કાર્યકર્તા મુંજાલભાઈ રાવલ અને કોર્પોરેટર છાયાબેન ત્રિવેદીની આગેવાનીમાં ઈલેક્શન કાર્ડમાં સુધારા, નવા ઈલેક્શન કાર્ડ કઢાવવા માટે તથા અન્ય વિસ્તારમાંથી એડ્રેસ ટ્રાન્સફર કરાવવા માટેના કેમ્પ તથા ભારતીય જનતા પાર્ટી ના પ્રાથમિક સભ્ય બનાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સોસાયટીના રહીશોનો ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

## રાજ્ય સંત રોહિદાસ સમાજનું મહાસંમેલન ગાંધીનગર ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૬

આજે ગાંધીનગર સંત શ્રી રોહિદસજી સ્મૂતી મંદિર અને સેવા સંકુલ ખાતે ગુજરાત રાજ્ય સંત રોહિદાસ સમાજનું તા ૨૫.૯.૨૨ એ મહાસમલેન ગાંધીનગર ખાતે યોજાનાર હોઈ આયોજન માટે ની મીટીંગ મળી

જેમાં ગુજરાત સરકાર ના મંત્રી શ્રી મનીષાબેન વકીલ સાહેબ,રોહિદાસ સેવા સમાજ ના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ પરમાર,સંત શિરોમણી શ્રી ગુરુ રોહિદાસ મહાપીઠ ના પ્રદેશ પ્રમુખ શ્રી આર એમ પટેલ સાહેબ, સાબરકાંઠા થી નટુભાઈ પરમાર તેમજ વિવિધ પરગના ના આગેવાનો ,સામાજિક આગેવાનો, રાજકીય આગેવાનો, સાધુ સંતો તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા જેમાં કાર્યક્રમ માટે ખૂબ મોટા પ્રમાણમાં તમામ રીતે સાથ સહકાર મળ્યો આ કાર્યક્રમમાં વધુમાં વધુ સંખ્યા જોડાય તેવું આયોજન કરવા માં આવ્યું અને આ તબક્કે સમગ્ર સમાજ ને જોડાવવા વિન્નતી કરવા માં આવે છે






ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૯ માં સમાવિષ્ટ કુડાસણ ખાતે સરદાર ચોકની આસપાસ ભારે વરસાદના કારણે રોડની બાજુમાં જમીન બેસી જતા નાના-મોટા ભુવા પડ્યા હતા જે જાણ થતા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તથા શહેર અધ્યક્ષ ઋચિરભાઈ ભટ્ટ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા એ રૂબરૂ સ્થળતપાસ કરી ગુડાના અધિકારીઓ મારફતે તાત્કાલિક રોડનું સમારકામ કરાવ્યું હતું.



સચિવાલય ખાતે પાણી પુરવઠા વિભાગ ના ખાસ ફરજ પરના અધિકારી શ્રી રાજીવ સેઈલર તા.૩૧/૭/૨૨ ના રોજ નિવૃત્ત થાય છે તેનો વિદાઈ સમારંભ પાણી પુરવઠા વિભાગ માં યોજાયો આ પ્રંસગે વિભાગ ના અધિક સચિવ શ્રી જયદીપ દ્વિવેદી સાહેબ અને જોઈન્ટ સેક્રેટરી શ્રી હેમેશ મરડિયા ખાસ ઉપસ્થિત રહેલ અને શુભેચ્છા પાઠવી હતી. કાર્ય ક્રમ નું સંચાલન નરેન્દ્ર વ્યાસે કરેલ હતું.